

સત્સંગ



કિશનસિંહ ચાવડા

*'અમાસના તારા' ગ્રંથના નિબંધોથી ખૂબ જાણીતા કિશનસિંહ ચાવડા નિબંધકાર તરીકે આગવી મૌલિક શૈલી ધરાવતા હતા. 'જિપ્સી' ઉપનામ ધરાવતા આ લેખકનાં જિપ્સીની આંખે', 'હિમાલયની પત્રયાત્રા', 'સમુદ્રના દ્વીપ', 'તારામૈત્રક', 'અમાસથી પૂનમ ભણી' પુસ્તકોમાંથી પસાર થાઓ તો એક સમૃદ્ધિનો અનુભવ થાય. આધ્યાત્મિક જીવનની અભિપ્સાને કારણે અનેક જીવનસાધકો પાસે ગયા અને જીવનરીતિ શોધતા રહ્યા. સુરતનાં સચીન પાસે ત્યાં જ ગામના કિશનસિંહને જો ન વાંચ્યા હોય તો તરત વાંચવા જોઇએ.*

## મોતી માણેક

**મનુષ્યમાં દેવ થવાની શકિત છે અને સાથે જ અસુર થવાની શકિત પણ છે. એની અજ્ઞાન ઉછેરવાની શકિત અમાપ છે અને જ્ઞાનની નીપજ કરવાનું સામર્થ્ય પણ એનું અદ્ભૂત છે.**

■

**આંતરજીવનની સાધના એ કપરું ચઢાણ છે. અહંકારના શબ ઉપર થઈને આ યાત્રા પ્રભુધામ ભણી ચાલે છે.**

■

**પ્રેમ દ્વારા પ્રભુમય થવાની શકિત પ્રભુએ જ માનવને વરદાનરૂપે આપી છે.**

■

**સાચો પ્રેમ તો મનુષ્યને ઘડે છે, બનાવે છે અને એના અંતરાત્મા સાથેનો એનો સંવાદ સિધ્ધ કરે છે.**

■

**આપણે મનબુદ્ધિ - વિચાર - બુદ્ધિવાળા કહેવાતા માનવો કેવા દ્વંદ્વ અને દ્વિધામાં આંધળા બળદની જેમ ચકકર માર્યા કરીએ છીએ?**

■

**આપણા જગતને ભલે કોઈ માયા કહેતું પણ એ જ સત્ય છે. આગળ ગમે તે હોય! આપણે કયાં જાણીએ છીએ? આપણી દુનિયામાં થોડો વિષાદ છે. વેદના છે, નિરાશા છે, દુઃખ છે, પણ અજાણ્યા વિશ્વ વિષેના આપણા અવિશ્વાસનો આશરો તો છે**

■

**આનંદ એ જીવનની સમગ્રતાનો અનુગ્રહ છે. એટલે આનંદની ઉપસ્થિતિ એ જ હુંપદનું વિસર્જન છે. નિજાનંદની એ જ સહજતા અને એ જ આત્મરતિનો વિલાસ છે.**

# અથર્વવેદની વિશિષ્ટ ઔષધિ કઇ?

અથર્વ વેદ વિવિધ વિષયો પર વિચારના થયેલી છે. તેમાં મનુષ્યના સ્વાસ્થ્ય અંગે તો ધ્યાન ખેંચે તેટલા મંત્રો જોવા મળે છે. અથર્વ વેદદક ૧૨મા કાંડનું ચોથુ સૂકત એ પૈકીનું એક છે. તેમાં અથર્વણી, આંમિરલ, દૈવી અને મનુષ્યથી નિમિત્તે ઔષધિઓ ફળ આપે છેં. આ ચાર ઔષધિઓ કઇ તે વિચાર માંગે છે. જે ચિત્તવૃત્તિનો નિરોધ કરે છે તે અથર્વો છે તેથી જે મનથી સ્વસ્થ છે તે વિચાવ માંગે છે. જે ચિત્રવૃત્તિને નિવોધે કરે છે તે અથર્વા છે તેથી જે મનથી સ્વચ્છ તે અથર્વા છે. કેટલાક લોકો મંત્રથી ચિકિત્સા કરે છે તેઓ જ આથર્વણી ચિકિત્સક ગણાય. મંત્રો પણ સાધનાથી જ -ળે છે તેથી જે સંયમપૂર્ણ ઊચેરરું જીવન જીવે છે તેઓ જ આથર્વણી ચિકિત્સા કરી શકે છે.

બીજી ચિકિત્સા આંગીરસી છે. અંગ શબ્દ અહી કેન્દ્રમાં છે. આને પણ પ્રત્યક્ષી કરણથી શરીરની દુર્બળતા દૂર કરવાનાં પ્રયાસો થતા રહે છે. અંગોમાં વિશિષ્ટ પ્રકારનો રસ વહે છે. આ રસ એક અંગને બીજા અંગસાર્થ જોડે છે. રોગથી સામે રહીને આંગિરસી વિદ્યાના સાધક રોગીનના મનને તૈયાર કરીને મનની શકિતથી સાચા પરિણામો મેળવતા હશે રોગી વ્યજકત પોતાના મનની શકિત દૃઢ કરીને શિથિલ અંગોના રસોને સારા કરતા હતા રોગીના મનની દૃઢતાથી જ રોગનું નિવારણ થતું હતું.

ત્રીજી ચિકિત્સા પધ્ધતિ દૈવી ઔષધિઓની છે. જલ,વાયુ, વરૂણ,સુર્ય તથા ચંદ્રથી પણ સ્વાસ્થ્ય મેળવી શકાય છેં. વરસાદનું પાણી પીવામાં તથા અન્ન ઊગાડવામાં મદદરૂપ થાય છે. સ્વાતિ નક્ષત્રમાં આકાશમાંથી સીધુ જ ઝીલી લીધેલું પાણી એક ઉપવાસ પછીએ લેવામાં આવે તો રોગીને તે પાણી દૂર કરી શકે છે. વાયુયાની એટલે શ્વાસ કેવો લેવો તે પણ સ્વાસ્થ્યરક્ષા કરી શકે છે. તેજ રીતે વરૂણનો સાગરને દેવ છે. તેથી કવચિત થતુ સાગર સ્નાનન મહિમા વણીને લોકો સાગર સ્નાન કરતા જ રહે છે. ચંદ્રને ઔષધિપતિ કલ્યો છે. ચંદનીમાં હરવા ફરવાથી પણ સ્વાસ્થ્ય સારૂ રહે છેં. તે જ રીતે સૂર્ય પણ પ્રાણી માત્રને શકિત આપે છેં. તેથી સૂર્યને પણ દૈવી ઔષધમાં ગણ્યો છે.

ચોથી ઔષધિ તે મનુષ્યે વિવિધ વનસ્પતિઓમાંથી જે દવા બતાવી છેં તેને ગણી છેં. ઔષધિઓમાં રહેલા ગુણોને જાણીને તેનો ઉપયોગ કરવાનું ચૂચવ્યું છેં. આ સૌથી ઔષધિ તો મનુષ્યે બનાવેલી છે. તેનો ઉપયોગ કરવાનું પણ સૂચવ્યું જ છે. અથર્વવેદની સર્વ ચિકિત્સામાં મનુષ્યકૂત દવાઓનું સ્થાન છેલ્લુ છે તે ધ્યાન બહાર જવું ન જોઈએ.

## अथर्ववेद



## ઋષિવાણી

**નરેશ ભટ્ટ**

## શ્વાસ-વિશ્વાસ- પાના ૮નું શેષ

બાજુ લાલો આવ્યો છે અને એક બાજુ શ્રીનાથજી બેઠા જ છે. જય શ્રી કૃષ્ણ અને હર હર મહાદેવના ઘોષ વચ્ચે અમારી ભીડ આગળ ચાલી ઈરાદો માત્ર દર્શનનો જ હતો કે કૃષ્ણ શિવને જુએ પણ જેવા નજીક પહોંચ્યા ત્યાં યુવાન આચાર્યને મેં કહયું કે અમે બાળકૃષ્ણ લાવ્યા છે. જરા શિવલિંગને સ્પર્શ કરાવો ત્યાં તો પેલા યુવા આચાર્ય એકદમ પ્રસન્ન ચિત્તે પૂજારી ગણની સામે જોઇને બોલી ઉઠયા કે, ''એય, લાલો આઇવો... લાલો આઇવો...'' એમ કરીને બાલકૃષ્ણને હથેળીમાં ઉંચકીને સોમનાથના શિવલિંગને સ્પર્શ કરાવ્યો અને સાથે એક ફૂલ પણ આપ્યું અને બીજે છેડેથી બાપજી પણ ચાન્સ લેતા હોય તો પણ શિવલિંગના સ્પર્શ સુધી પહોંચી ગયા યુવાન આચાર્યની આ સુચેષ્ટા જોઇને હું ખુબ ગદ્ગદ્ થયા અને એ સ્પર્શ વિધિ વચ્ચે બોલી ઉઠયો ગુરૂદેવદત્ત, ગુરૂ દેવદત્ત... ગુરૂદેવદત્ત કારણકે આમાંથી કશું જ ધાર્યુ ન હતું અને લાલો સોમનાથના દર્શન પહોંચી ગયો. આંખમાં આંસુ વચ્ચે અમે બહાર નીકળી ગયા. અમારી આસપાસના લોકો પણ અમને જોતા હતા કારણકે આવો દેવયોગ અમને જ સુઝયો હતો કે લાલાના જન્ષાષ્ટમીના દિવસે સોમનાથ દર્શન કરાવ્યા. આમ તો, આખો દિવ્ય પ્રસંગ ઓચિંતો હતો. જેને શ્રધ્ધા, ચમત્કાર કે પરચો એટલે કહી શકાય કે શ્રાવણના દિવસમાં જન્માષ્ટમીએ શ્રી કૃષ્ણ ભગવાન સોમનાથના દર્શને ગયા. આ ત્રિવેણી સંગમ અને પેલી મહાકાલની શ્યામસુંદરીની શિવસાથે વાત કરવાના પ્રસંગની યાદ કરાવી ગઇ, જ્યાં સુધી મારો આભાસ હતો ત્યાં સુધી સોમનાથના મંદિરમાં તે દિવસે અમારા સિવાય કોઇના હાથમાં આવી વ્યવસ્થા તે દિવસે અમારા સિવાય કોઇના હાથમાં આવી વ્યવસ્થા ન હતી. હું તો પોતે લખતો રહયો છું એટલે કૃષ્ણ અને શિવનું આ મિલન મને મુ. મોરારિબાપુનો કથા પ્રસંગે પણ યાદ કરાવી ગયું. કથા પ્રસંગે એવો છે કે,

કૃષ્ણયુગમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે સૌરાષ્ટ્રમાં દ્વારકામાં અંતિમ દિવસોમાં કહે છે કે મોટાભાઇ બલરામને લઇને આ શિવલિંગ નહિં મૂળ પ્રતિકૃતિના સોમનાથના શિવલિંગ પાસે દર્શને ગયા હતા ત્યાં અભિષેક કર્યો હતો. અને જે બિલ્વપત્ર ચઢાવ્યા હતા. એ બિલ્વપત્ર લઇને તેમણે બલરામના માથા પર મુકયા હતા. બાપુ આવુ બોલતા ઉમેરે કે આમ તો વડીલો જ્યારે પણ કાંઇ મંદિરે જાય અને આંશકા પોતાના બાળકોના માથા પર પત્નીના માથા પર મુકીને આંચકા મુકીને આર્શિવાદ અપાવતા હોય કે પણ અહીં ભગવાન શ્રી કૃષ્ણ મોટાભાઇ હોવા પછી પણ બિલ્વપત્રના આંશકા તેમના માથા પર મૂકે છે અને કહે છે કે, તાઉ હવે મારો જવાનો સમય આવી ગયો છે... બને પણ એવું છે કે થોડા સમયમાં ભગવાન શ્રી કૃષ્ણ પારધિના હાથે વિંધાય તને તેમનું અવતાર કાર્ય પુરૂ કરે છે. પણ એ પહેલાએ સોમનાથના દર્શને જરૂર જાય છે. એ પછી પણ ઘણા દેવયોગ એવા થયા હશે કે જ્યાં કૃષ્ણની પ્રતિમા સોમનાથ સાથે જોડાય હશે. પણ જન્માષ્ટમીના દિવસે ખુબ જ ઓછા કલાકમાં અમારું ત્યાં પહોંચવું અને યુવાઆચાર્યનું ખુશ થવું એ વાત અમારી શ્રધ્ધાને વેગ આપતી હતી. જ્યારે કૃષ્ણ ભગવાન શિવના દર્શને ગયા હશે ત્યારે ત્યાં કોઇ આચાર્ય ન હશે કદાચ બલરામ બોલ્યા હશે કે હે સોમનાથ જુઓ તમારે આંગણે શ્રીનાથજી આવ્યા (લાલો આવ્યો) જ્યારે એ જ વાક્ય આજે યુવા આચાર્ય બોલ્યા કે લાલો આઇવો... લાલો... મારું આધ્યાત્મિક દર્શન એવું કહે છે કે જન્માષ્ટમીના દિવસે, સોમનાથના શિવલિંગ પર શ્રીનાથજીની પ્રતિકૃતિ આ યુવા આચાર્યએ બનાવી હશે અને પૂરી શ્રધ્ધા સાથે શિવને કહયું હશે કે તું આજે મને મારી સેવાના ફળરૂપે મને લાલાના દર્શન કરાવજે. દેવયોગે બન્યું એવું કે સુરતથી હું લાલાને અચાનક સોમનાથના દર્શને લઇ ગયો અને એ આચાર્યને તેની શ્રધ્ધાનું સમર્થન મળ્યું હશે કે, આખરે લાલો સોમનાથના દર્શને આવ્યો જ અને એટલે જ જાણે રાહ ન જોતા હોય એ રીતે ઉમળકા સાથે બોલી ઉઠયા કે ''એમ લાલો આઇવો... લાલો...''

અહીં અંધશ્રધ્ધા, ચમત્કાર કે પરચાના જેવો શબ્દનો પ્રયોગ કરી કૃષ્ણની લીલાને કે મારા બાપજીની લીલાને નાની ન કરીશ. પણ દિવ્ય પ્રસંગનું પ્રયોજન કરીને જે રીતે ઓચિંતા દર્શન થયા ત્યારે હું દત્તબાવનીમાંથી એક કડી ઉઠાવી અને અહીં લખીશ કે

''નિમેષ માત્રે તંતુ ક એક પહોંચાડ્યો શ્રી શૈલે( સોમનાથ) દેખ!''

અર્થાત્ ઈશ્વર ધારે તો પલકવારમાં તમને શિવના દર્શન શૈલ પર્વત પર કરાવે યા સોમનાથમાં કરાવે જેવી રીતે અમે કર્યા તેમ.જેમાં મારા ગુરુ બાપજીની લીલાને પણ મૂકુ છું કારણકે ગોવિંદને શિવના દર્શન કરવાનું સુકાન રંગ બાપજીએ લીધું હતું કબીરનો દોહો છે ને ગુરુ ગોવિંદ દોનો ખડે કાકુ લાગુ પાયા બલિહારી ગુરુ આપની ગોવિંદ દિયો બતાયા... તેમ!',

***પંચામૃત***

***શ્રાવણ પણ ચાલે છે જન્માષ્ટમી પણ હાલ જ ગઈ ત્યારે શ્રી કૃષ્ણ અને શ્રી શિવને જોડીને ફરી એકવાર બોલીએ જય શ્રી કૃષ્ણ... જય શિવ કૃષ્ણ...***

★ માણસ જેટલો નાનો, તેટલો તેનો અહંકાર મોટો ■ રોમા